મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૧૨.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૪૩ ટકા
ગાંધીનગર તાપમાન

લગ્નસરાની મોસમ પૂરબહાર જામી

શહેરમાં શનિ-રવિની રજામાં અઢળક લગ્નો : સાથે ચૂંટણીના પ્રચારોથી ગગન ગુંજી ઉઠશે

ગાંધીનગર, તા. ૨૬

શહેરમાં લગ્નસરાની મોસમ ચાલી રહી છે. સાથે જ ચૂંટણીની મોસમ ચાલી રહી છે આ બંને મોસમને કારણે સંલગ્ન વેપારીઓને આર્થિક તેજી મળી રહી છે. લગ્નસરાને કારણે મહેંદી, કપડાના વેપારીઓ, વાસણના વેપારી, સોના-ચાંદીની દુકાનો, બ્યુટી પાર્લરો, મંડપ, કેટરર્સ, કરિયાણાના વેપારીઓ, ફૂલોના વેપારીઓ, ડીજે વિગેરે વ્યવસાય કરનારાઓને આનંદો છે. તાજેતરમાં શહેરમાં બજારોમાં પણ લગ્નોની મોસમના કારણે ખરીદીનો માહોલ છે. નાની-મોટી ચીજવસ્તુઓની ખરીદી મોટા પાયે થઈ રહી છે. ત્યારે બીજી બાજુ ચૂંટણીના કારણે મંડપ, ડીજે, ફૂલવાળા વેપારીઓ, મીઠાઈના વેપારીઓ વ્યસ્ત બન્યા છે. કોરોનાકાળ બાદ લગ્નસરાની મોસમમાં આ વખતે લોકોમાં ભારે ઉત્સાહ છે.

લગ્નસરામાં પાર્લરોમાં પ્રિ-બુકિંગ કરવામાં આવ્યા છે. જેમાં વેડિંગના બજેટ પણ મોંઘા બન્યા છે. મોંઘવારીના કારણે લગ્નો હવે મોંઘા બન્યા છે. દરેક ચીજવસ્તુઓના ભાવમાં વધારો થયો છે. તેમ છતાં લોકો લગ્નો કરવા માટે અઢળક પૈસા વાપરી રહ્યા છે અને પોતાના મનપસંદ આઈડિયા મુજબ લગ્નો કરી રહ્યા છે. શિયાળાના કારણે લગ્નોમાં અઢળક ખાણી-પીણીનો આનંદ પણ માણવા મળશે. ઠંડીની મોસમમાં ડીજેના તાલે જાનૈયાઓ સ્વેટર પહેર્યા વગર ઉત્સાહપૂર્વક નાચી ઉઠશે. ડીજે અને બેન્ડવાળા વેપારીઓને પણ પ્રિ-બુકીંગ થઈ રહ્યા છે. કારણ કે ચૂંટણીના માહોલમાં સાઉન્ડ સિસ્ટમની જરૂરિયાત રહેતી હોવાથી ચૂંટણી પ્રચારોમાં પણ તેની ડિમાન્ડ રહેતી હોય છે. શનિ-રવિમાં અઢળક લગ્નો યોજાવા જઈ રહ્યા છે ત્યારે ચૂંટણીના પ્રચારો પણ આ લગ્નોના કારણે ઢંકાઈ જશે. શહેરમાં નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં લગ્નોની ભરમાર રહેશે. લગ્નવાડીઓ પણ ફૂલ બુક છે. કેટરર્સવાળા વેપારીઓ પણ બંને તરફ પિસાઈ જશે. ચૂંટણીના પ્રચારોમાં જમણવાર અને નાસ્તાઓના ઓર્ડરો સાથે લગ્નસરાની મોસમ.

નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર , ઉમ્મિદ ફાઉન્ડેશન તથા નવગુજરાત લો કોલેજ દ્વારા આજ રોજ સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજમા વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપક દ્વારા મુળભુત ફરજો તથા હક્કો વિષે યુવાઓને જાગ્રત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ ને મતદાન માટેના શપથ લેવડાવવામા આવ્યા હતા.

નવા કોબા ક્લસ્ટર ની ભાટ પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીયસંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

સિદ્ધાર્થ લૉ કોલેજ ખાતે બંધારણ દિવસ ઉજવાયો

ગાંધીનગર,તા.૨૬

સિદ્ધાર્થ લૉ કોલેજ,ગાંધીનગર માં તા.૨૬ નવેમ્બર ૨૨ ના રોજ સંવિધાન દિવસ ઉત્સાહપૂર્વક ઉજવવા માં આવેલ. સાથે મતદાન જાગૃતિ અને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.પ્રિ.ડૉ.દિલીપ મેવાડાએ દેશ ને બંધારણ શા માટે જરૂરી હોય છે તેની વિગત આપી હતી.વિશાળ સંખ્યા માં વિધાર્થીઓ અને સ્ટાફ હાજર રહ્યા હતા.

સેક્ટર-૧ ૩ સરકારી પ્રાથમિક શાળામાં મતદાન જાગૃતિ રેલી

ગાંધીનગર, તા. ૨૬

વંદે ગુજરાત સાથે જણાવવાનું કે અવસર મતદાન કેમ્પેઈન હેઠળ આજરોજ સરકારી પ્રાથમિક શાળા નં. ૨ સેક્ટર-૧ ૩ના બાળકો અને શિક્ષકોએ આજરોજ સેક્ટર-૧ ૩ વિસ્તારમાં મતદાર જાગૃતિ રેલી યોજી હતી. જેમાં બાળકોએ વોટ ફોર નેશનના નારા લગાવ્યા હતા અને મતદારોને મતદાન અવશ્ય કરવા માટે સમજાવ્યા હતા.

વેદ ઈન્ટરનેશલ સ્કૂલ ખાતે જ્ઞાનકુંજ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા.૨૬

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ,સરગાસણ માં બાળકોની અંદર છુપાયેલી પ્રતિભા ને બહાર લાવવા 'જ્ઞાનકુંજ' નું આયોજન કરવામાં આવ્યું. દરેક બાળકોની અંદર કૌશલ્યો છુપાયેલા હોય છે. જે કૌશલ્યને શોધી લઈ અને આ સુષુપ્તશક્તિ બહાર આવે અને વિદ્યાર્થીઓ તેને વ્યક્ત કરી શકે તે હેતુથી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં આવા સુંદર મજાના પ્રયાસો સતત કરવામાં આવે છે. શાળાની દરેક ઈવેન્ટ્સ ની એક ખાસ વિશેષતા છે કે જેમાં શાળાના તમામે તમામ વિદ્યાર્થીઓ ભાગ લઈ અને પોતાની આવડત તથા કલાને બીજા સમક્ષ રજૂ કરી શકે અને તેમનો ડર પણ દૂર થઈ શકે. સ્કૂલ ફેકલ્ટીઝ ના સતત માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ સુંદર મજાની સ્પીચ તૈયાર કરી તેને અનુરૂપ લાઈવ મોડેલ-પ્રોજેક્ટ બનાવી અને સુંદર મજાની રજૂઆત કરી હતી. જેમાં સંગીત, વિજ્ઞાન, ગણિત, વૈદિક મેથ્સ, કલા સાહિત્ય, ઈતિહાસ, રમતગમત, ડેઝર્ટ ,નૃત્ય દરેકે દરેક પાસા ને આવરી લઈ દરેક વિદ્યાર્થીઓને પોતાના અંદર છુપાયેલી પ્રતિભાને વાલીઓ સામે વ્યક્ત કરવાનો સુંદર અનુભવ પ્રાપ્ત થયો હતો. આવી પહેલ અમારા વિદ્યાર્થીઓને તેમના આત્મ વિશ્વાસ, વાતચીત અને જન્મજાત ગુણો વિકસાવવા માટે પ્લેટફોર્મ પૂરું પાડવા માટે હાથ ધરવામાં આવે છે. અને વાલીઓએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી અને બાળકોને ખૂબ જ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. અને સહકાર આપ્યો હતો.

ડભોડા શ્રી એમ.એચ વિદ્યાવિહાર માં બે દિવસ બાલોત્સવ યોજાયો

ગાંધીનગર,તા.૨૬

શાળા અમારી તીર્થ ભૂમિ જ્ઞાન ગંગા જ્યાં વહે આ વાતને ચરિતાર્થ કરતી અમારી શ્રી એમ. એચ. વિદ્યામંદિર, ડભોડા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સમગ્ર શાળા પરિવાર કંઈક નીત નવું કાર્ય કરતી જ રહેશે... આ અંતર્ગત તારીખ ૨૪ અને ૨૫ આમ બે દિવસ શાળામા બાલોત્સવ યોજાયો જેમાં પ્રથમ દિવસે વિસરાઈ ગયેલી રમતો , એક મિનિટ ગેમ શો, મહેદી સ્પર્ધા, કેશ ગૂંથણ, રંગોળી, કોન બનેગા કરોડપતિ, વિજ્ઞાન કોર્નર, જૂના સિક્કા સંગ્રહ કોર્નર, ત્વરિત નિંબંધ સ્પર્ધા, સ્લો સાઈકલ, સર્કલ નો રાજા, દોરડા કુદ, જેવી નામી અનામી ગણી બધી રમતો યોજાઈ જયારે બીજાં દિવસે વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે સાથે આજીવિકા નાં પાઠ શીખી શકે તે માટે બાળકોનું પોતાનુ બજાર એ થીમ સાથે તમામ ધોરણનાં વિદ્યાર્થીઓએ ખાણી પીણી નાં સ્ટોલ બનાવી જીવનમાં નવા પાઠ શીખી કાર્યકર્મ ને રસપ્રદ બનાવ્યો .... આ સમગ્ર કાર્યક્રમને શ્રી કેળવણી મંડળ, ડભોડા અને સ્ટાફ પરિવારે પણ ખૂબ મહેનત કરી સફળ બનાવ્યો

સે-૮ પ્રા-શાળાના વિદ્યાર્થીઓનો રંગોળી દ્વારા વોટિંગ માટે જાગૃતતા લાવવાનો નમ્ર પ્રયાસ

ગાંધીનગર, તા. ૨૬

મત આપવો એ દરેક નાગરિકની પવિત્ર ફરજ છે કારણ કે તમારો મત દેશને શાસકને ચૂંટતા હોય છે. આ સમયે મતદાન રાષ્ટ્રીય ધર્મ બની જાય છે. લોકશાહીમાં તમારો મત પસંદગીની શાસક સરકાર ચૂંટવાની અમૂલ્ય તક આપે છે. જે દેશના નાગરિકો માટે વિકાસ, સુખ, સમૃદ્ધિ, સુવિધા, સુરક્ષા, સલામતી માટે પૂરતા પ્રયત્નો કરે છે. આ જ કારણથી સેક્ટર ૮ સરકારી પ્રાથમિક શાળા ના આચાર્ય મિતલબેન પટેલ, સ્ટાફગણ અને બાળકોએ ભેગા મળી લોકોમાં વોટિંગ માટે જાગૃતતા આવે એ આશયથી શાળા પરિસરમાં સુંદર રંગોળી અને સુશોભન કરી લોકોનું ધ્યાન દોરવા નમ્ર પ્રયાસ કર્યો હતો.

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજનું કેન્યા, નાઈરોબીમાં પરમ ઉલ્લાસભેર અને ભવ્યાતિભવ્ય સ્વાગત કરાયું હતું.

રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલનો ૮મો વાર્ષિક રમતોત્સવ યોજયો

ગાંધીનગર, તા. ૨૬

શહેરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલનો ૮મો વાર્ષિક રમતોત્સવ શાળાના વિશાળ કેમ્પસમાં યોજાઈ ગયો. રમતગમત એવી વસ્તુ છે જેનો દરેક વ્યક્તિ આનંદ માણે છે. તે દરેક માટે એક સરસ શીખવાનું પ્લેટફોર્મ આપે છે. રમતગમતથી દરેકના જીવનમાં શિસ્ત આવે છે. તે તમને ફિટ, સ્વસ્થ અને સક્રિય રહેવામાં મદદ કરે છે. જીવનના દરેક તબક્કામાં તેનું ખૂબ મહત્વ છે.

આજે રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલમાં વાર્ષિક રમતોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું. ભાગ લેનાર દરેક વિદ્યાર્થીમાં રમતગમત માટેનો ઉત્સાહ પહેલેથી જ જોવા મળતો હતો. રંગોલી ગ્રુપ ઓફ સ્કૂલ્સના આદરણીય ચેરપર્સન શ્રી પ્રહર અંજારિયા અને શાળાના ટ્રસ્ટીશ્રી પ્રણવ સોની દિવસના અતિથિ વિશેષ રહ્યા હતા. માર્ચ પાસ્ટની આગેવાની ગૌરવવંતી હેડ બોય અને હેડ ગર્લ, સ્પોર્ટ્સ કેપ્ટન, વાઈસ-સ્પોર્ટ્સ કેપ્ટન અને કલ્ચરલ કેપ્ટન દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત મશાલ પ્રગટાવીને કરવામાં આવી હતી. ગેસ્ટ ઓફ ઓનર શ્રી પ્રહર અંજારિયાના વક્તવ્યથી ખરેખર તમામ વિદ્યાર્થીઓમાં ઉર્જા વધારતું હતું જેમાં તેઓએ સ્પોર્ટ્સમેન સ્પિરિટ પર ફોકૂસ કર્યું હતું જે પછી શાળાના આચાર્યા અને ડિરેક્ટર શ્રીમતી અનમિકા મેડમ ધ્વારા વાર્ષિક રમતોત્સવની શપથ વિધી કરાવી વાર્ષિક રમતોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ત્યાર બાદ તમામ એથ્લેટિક ઈવેન્ટ્સ પૂરા જોશ સાથે શરૂ થઈ. વિદ્યાર્થીઓએ તેમની રમતની ભાવના બતાવી અને તમામ નિયમોનું પાલન કર્યું. રમતોત્સવ અંતર્ગત પ્રિ પ્રાઈમરી પ્રાઈમરી અને સેકન્ડરી વિભાગમાં ઈંડીવિડ્યૂઅલ તથા ગ્રુપ ઈવેન્ટ્સમાં સ્પર્ધા યોજાય હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પટેલ કાંતાબેન ભગવાનદાસ** ઉ.વ.૮૨, અરજનપુરા, માણસા
- **સ્વ.જાદવ ગોવિંદભાઈ બોયાભાઈ** ઉ.વ.૭૩, સેકટર-૧ ૩
- **સ્વ.રાવ ઈન્દ્રવદન ચીમનલાલ** ઉ.વ.૭૩, સેકટર-૧ ૩
- **સ્વ.પટેલ વિરલકુમાર અરવિંદભાઈ** ઉ.વ.૩૧, મહુન્દ્રા

● રૂદ્રભૂમિ ●

- **સ્વ.પટેલ પોપટભાઈ સોમનાથ** ઉ.વ.૭૯, કુડાસણ
- **સ્વ.ચંદારાણા ચંપકલાલ** ઉ.વ.૭૩, કુડાસણ
- **સ્વ.મહેતા પ્રહલાદભાઈ** ઉ.વ.૭૫, શાહપુર
- **સ્વ.વૈદ્ય ચંદનબેન નારણભાઈ** ઉ.વ.૮૭, સરગાસણ

જન્મદિને વધામણી

જિજ્ઞેશ જાની
પ્રેસ ફોટોગ્રાફર, (પાયલ સ્ટુડિયો)
મો. ૯૪૨૮૫ ૯૫૯૭૬

સાર્થક ગૌતમ
જીએસપીસીએલ
મો. ૯૮૨૫૦ ૦૫૪૩૬

તુષાર સી ધનેશ્વર
મો.૯૮૯૮૫ ૨૭૪૬૦

નિકુંજ પૈશ્યક
તસવીરકાર
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪

હિતાર્થ વિપુલકુમાર દરજી
મો. ૯૭૨૩૬ ૨૩૧૪૪

હની મિતેષકુમાર પટેલ

દેવલ જિતેન્દ્રકુમાર રાણા
મો. ૯૦૧૬૭૩૧૧૪૪

ચિરાગ ગુણવંત ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬

દીપિકા રવી પટેલ
માલિક, નિરવી હર્બલ માર્ટ



શ્લોક રવી પટેલ
મો. ૮૨૦૦૯ ૦૯૦૭૭